(૨૦)

**પ્ર. ૧ (અ) પાઠપૂર્તિ કરો.** **(૪)**

૧. **જીવ જાણી પ્રીછી સ્વસંબંધી શરીર માંહેલા પીડાકારી સ અપરાધી** વિગલેન્દ્રિય

૨. અબંભ **પચ્ચક્ખાણ મણિસોવનના પચ્ચક્ખાણ માલાવન્નગ** વિલેવણના પચ્ચક્ખાણ

**(બ) નીચેના શબ્દોના અર્થ લખી કયા પાઠમાં આવે છે? તે લખો.** **(૬)**

| | જવાબ | પાઠ |
|---|---|---|
| ૧. સંથરીને | **પાથરીને** | **સંથારાના પાઠમાં** |
| ૨. સંસુદ્ધં | **પૂર્ણ શુદ્ધ અથાત્ નિષ્કલંક છે** | **પાંચમા શ્રમણસૂત્રમાં** |
| ૩. આલોઈય | **આલોચના કરીને** | **ક્ષમાપના સૂત્રમાં** |
| ૪. પૈશુન્ય | **ચાડી–ચુગલી કરવી** | **૧૮ પાપસ્થાનકમાં** |
| ૫. તિત્થયરે | **તીર્થની સ્થાપના કરનારા** | **સામાયિકના પાંચમા પાઠમાં** |
| ૬. દંસણ ધરાણં | **દર્શનના ધારક** | **સામાયિકના સાતમા પાઠમાં** |

**(ક) બીજા કર્મગ્રંથના આધારે જવાબ લખો.** **(૧૦)**

**(૧) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૪)**

૧. પાંચમા ગુણસ્થાનના છેડે કેટલી અને કઈ પ્રકૃતિનો ઉદય વિચ્છેદ? શા માટે?

**જ. ૮ – પ્રત્યાખ્યાની ચોક, તિર્યંચ દ્વિક, નીચ ગોત્ર, ઉદ્યોત નામ. પ્રત્યાખ્યાનીના ઉદયમાં સાધુપણું આવે નહિ. તિર્યંચને પાંચ ગુણસ્થાન હોય. સાધુ થાય એટલે નીચ ગોત્ર ન હોય. ઉદ્યોત નામ તિર્યંચ આશ્રી છે.**

૨. સાધુને હસવું આવે કે નહિ? શા માટે? **(૧×૨)**

**જ. આવે કારણ કે હાસ્ય મોહનીયનો ઉદય છે.**

૩. સાતમા ગુણસ્થાને કેટલી પ્રકૃતિની ઉદીરણા? ઉદયમાં છે પણ ઉદીરણામાં કઈ પ્રકૃતિ નહિ લેવાની?

**જ. ૭૩ – શાતા વેદનીય, અશાતા વેદનીય, મનુષ્ય આયુષ્ય.**

**(૨) નીચેની પ્રકૃતિનો ઉદય ક્યાં સુધી? ઉદય વિચ્છેદ ક્યારે?** **(૪)**

| | ઉદય | ઉદય વિચ્છેદ |
|---|---|---|
| ૧. ઋષભનારાચ સંઘયણ | **૧૧ મા ગુણસ્થાન સુધી** | **૧૧ મા ગુણસ્થાનના છેડે** |
| ૨. નિદ્રા | **૧૨ મા ગુણ.ના દ્વિચરમ સમય સુધી** | **૧૨ મા ગુણ.ના દ્વિચરમ સમય છેડે** |
| ૩. લાભાંતરાય | **૧૨ મા ગુણસ્થાન સુધી** | **૧૨ મા ગુણસ્થાનના છેડે** |
| ૪. ઊંચ ગોત્ર | **૧૪ મા ગુણસ્થાન સુધી** | **૧૪ મા ગુણસ્થાનના છેડે** |

(૫)

**પ્ર. ૨ આચારાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. સંસારચક્રને કોણ પાર પામી જાય છે? **(૨×૨)**

**જ. જીવોની ગતિ આગતિના કારણો જાણીને મોક્ષમાર્ગમાં સ્થિત મુનિ જન્મ–મરણના ચક્રાકારને અર્થાત્ સંસાર ચક્રને પાર પામી જાય છે.**

૨. જહા સે દીવે અસંદીણે, એવં સે ધમ્મે આયરિયપદેસિએ । અર્થ લખો.

**જ. જેવી રીતે અસંદીન દ્વીપ – પાણીમાં નહિ ડૂબેલા દ્વીપયાત્રીઓ માટે આશ્રયનું સ્થાન છે, તેવી જ રીતે આર્ય તીર્થંકર દ્વારા કહેલો ધર્મ સંસાર સમુદ્રને પાર કરનાર માટે આશ્રયનું સ્થાન થાય છે.**

૩. શેમાં સંદેહ કરવાનો નથી? **(૧)**

**જ. જિનેશ્વર ભગવંતોએ જે માર્ગ બતાવ્યો છે, જે આચાર અને માર્ગ કહ્યા છે, તે જ સત્ય છે તેમાં સંદેહ કરવાનો નથી.**

(૧૦)

**પ્ર. ૩ ઠાણાંગ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. સૂત્રની વાંચના આપવાના પહેલા ૪ કારણો લખો.

**જ. ૧) શિષ્યોને શ્રુતસંપન્ન બનાવવા માટે ૨) શિષ્યોના ઉપકાર માટે ૩) કર્મોની નિર્જરા કરવા માટે, ૪) વાંચના દ્વારા પોતાના શ્રુતને પુષ્ટ કરવા માટે.**

૨. પહેલા આગમ અને પછી જીત વ્યવહાર શા માટે છે?

**જ. શ્રમણોના વ્યવહારમાં આગમોની જ પ્રધાનતા હોય છે. આ પાંચ પ્રકારના વ્યવહારમાં જ્યારે જ્યાં જે વિષયમાં જે વ્યવહારોચિત્ત હોય, ત્યારે તે અનિશ્રિતોપાશ્રિત એટલે માધ્યસ્થ ભાવથી યથાક્રમે સમ્યક્ વ્યવહાર કરનારા શ્રમણ નિર્ગ્રંથો ભગવાનની આજ્ઞાના આરાધક થાય છે.**

૩. ૫ પ્રકારની સેનાના નામ લખો.

**જ. ૧) પાયદળસેના ૨) અશ્વસેના ૩) હસ્તિસેના ૪) મહિષસેના ૫) રથસેના.**

૪. કોની સભા કહી છે? સભાના માત્ર નામ લખો.

**જ. ચમરચંચા રાજધાનીમાં પાંચ સભા કહી છે. ૧) સુધર્મા સભા ૨) ઉપપાત સભા ૩) અભિષેક સભા ૪) અલંકારિક સભા ૫) વ્યવસાય સભા.**

૫. કેવળી ભગવાન કેટલા કારણે પ્રભાવિત થતા નથી? પાંચમું કારણ લખો.

**જ. મને સમ્યક્ પ્રકારે અવિચલભાવે પરિષહો અને ઉપસર્ગોને સહન કરતા, ક્ષમા રાખતા, તિતિક્ષા રાખતા અને પ્રભાવિત નહિ થતા જોઈને, અન્ય અનેક છદ્મસ્થ શ્રમણ નિર્ગ્રંથો ઉદયમાં આવેલા પરિષહ અને ઉપસર્ગોને તે જ રીતે સમ્યક્ પ્રકારે અવિચલભાવે સહન કરશે. ક્ષમા રાખશે, તિતિક્ષા રાખશે અને તેનાથી પ્રભાવિત થશે નહિ.**

(૧૦)

**પ્ર. ૪ જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના ૪ થી ૫ લીટીમાં જવાબ લખો.**

૧. ધન્ય સાર્થવાહે ચંપાનગરીમાં શું ઘોષણા કરાવી? (૨×૩)

**જ. હે દેવાનુપ્રિયો! ધન્ય સાર્થવાહ વેપાર કરવા જવા ઈચ્છે છે, તો તેમના સાથે ચરક, વૃદ્ધશ્રાવકો, ગૃહસ્થો, ભિક્ષુકો, નિર્ગ્રંથ સાધુઓ, બ્રાહ્મણો, પરિવ્રાજિકો આદિ કોઈને પણ જવું હોય, તો તેઓના ખાવા–પીવા, પહેરવાથી લઈ દરેક જરૂરિયાત સંતોષવામાં આવશે. બિમાર પડશે તો ઔષધોપચાર પણ કરવામાં આવશે. તેમને અહિચ્છત્રા નગરી સુધી પહોંચાડશે. માટે જેને પણ જવાના ભાવ હોય તે સાથે આવી શકે છે.**

૨. ભગવાન પોતાના શ્રમણોને સંસાર અટવી પાર કરવા શું બોધ આપે છે?

**જ. હે આયુષ્યમાન શ્રમણો! અમારા જે નિર્ગ્રંથો કે નિર્ગ્રંથીઓ પાંચે ઈન્દ્રિયોના વિષયોમાં આસક્ત થતા નથી, અનુરક્ત થતા નથી, તે આ ભવમાં પણ ઘણા શ્રમણો, શ્રમણીઓ, શ્રાવકો અને શ્રાવિકાઓના પૂજનીય બને છે અને પરલોકમાં પણ દુઃખ પામતા નથી. જેમ નંદીફળને ન ખાનારા પુરુષો અટવી પાર કરી જાય છે, એ જ રીતે તેઓ અનુક્રમથી સંસાર અટવીને પાર કરી જાય છે અર્થાત્ સિદ્ધિ પ્રાપ્ત કરે છે.**

૩. જન્મ – મરણનું કારણ શું છે? (૨×૨)

**જ. મોક્ષમાર્ગને અંગીકાર કરનારાઓ માટે ઈન્દ્રિયોના વિષયો વિષમય નંદીફળની સમાન છે. જેમ નંદીફળના ભક્ષણથી મરણ થાય છે, તેમ ઈન્દ્રિયો વિષયોના સેવનથી સંસારમાં જન્મ–મરણ થાય છે.**

૪. કયા સાર્થવાહનું જીવન સુરક્ષિત રહ્યું અને કયા સાર્થવાહ મૃત્યુને શરણ થયા?

**જ. જેમણે ધન્ય સાર્થવાહની વાત પર શ્રદ્ધા, પ્રતીતિ અને રુચિ કરીને નંદીફળ વૃક્ષોથી દૂર રહ્યા, અન્ય વૃક્ષોની છાયામાં વિસામો કર્યો તેમનું જીવન સુરક્ષિત રહ્યું અને જેમણે ધન્ય સાર્થવાહની વાત પર શ્રદ્ધા, પ્રતીતિ અને રુચિ ન કરીને નંદીફળના વૃક્ષ નીચે વિસામો લીધો અને તેની નીચે વિસામો લીધો તે બધા જ મૃત્યુન શરણ થયા.**

**અથવા**

**પ્ર. ૪ જ્ઞાતાધર્મકથા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. ચિલાત શા માટે વિજય ચોર પાસે આવ્યો? વિજય ચોરે તેને શું શીખવાડ્યું?

**જ. ચિલાત પોતાના કુકર્મોને કારણે રાજગૃહી નગરીના અનેક લોકો દ્વારા પરાભવ અને તિરસ્કાર પામી વિજય ચોરના આશ્રયે રહેવા લાગ્યો. વિજય ચોરે તેને ઘણી ચોર વિદ્યાઓ, ચોર મંત્રો તથા છલ – કપટ આદિ શીખવાડ્યા.**

૨. ધન્ય સાર્થવાહે મોટા પુત્રને શું કહ્યું?

**જ. પાણી વિના આપણે હવે રાજગૃહી નગરી પહોંચી શકીએ તેમ નથી, તેથી તમે મારો વધ કરી નાખો, મારા માંસ અને રુધિરનો આહાર કરો. તેના અવલંબન દ્વારા તમે અટવી પાર કરી રાજગૃહ નગરીમાં પહોંચી શકશો.**

૩. ભગવાન મહાવીરનો ઉપદેશ સાંભળી ધન્ય સાર્થવાહે શું કર્યું?

**જ. ભગવાન મહાવીરનો ઉપદેશ સાંભળી ધન્ય સાર્થવાહ દીક્ષિત થયા. ૧૧ અંગોનો અભ્યાસ કર્યો. એક માસની સંલેખણા કરી સૌધર્મ દેવલોકમાં ઉત્પન્ન થયા.**

૪. ધન્ય સાર્થવાહે કોટવાલને શું કહ્યું?

**જ. અમે તમારી સાથે સુંસુમા દીકરીને પાછી લેવા માટે જવા ઈચ્છીએ છીએ. જે ધન–કનક આદિ પાછું મળે, તે તમે રાખજો અને સુંસુમા દીકરી મને પાછી સોંપજો.**

૫. ધન્ય સાર્થવાહને પાછળ આવતા જોઇને ચિલાતે સુંસુમાનું શું કર્યું?

**જ. ચિલાત ચોર ઉત્સાહ અને આત્મબળ રહિત થઈને સુંસુમાને ઉપાડીને ભાગવામાં અસમર્થ થઈ ગયો, ત્યારે ગ્લાન અને ખિન્ન થઈને સુંસુમાનું મસ્તક તલવારથી કાપી નાંખ્યું અને ધડને ત્યાં જ છોડીને મસ્તકને લઈ અટવીની અંદર પ્રવેશી ગયો.**

(૧૦)

**પ્ર. ૫ અંતગડ સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. દ્વારિકા નગરીના વિનાશનું કારણ જાણી કૃષ્ણ વાસુદેવને શું વિચાર આવ્યો?

**જ. ધન્ય છે તે જાલિ, મયાલિ આદિ યદુકુમારોને, જેઓએ સુવર્ણ, રજત, રાજ્ય, અંતઃપુરાદિ સર્વસ્વ ત્યાગ કરી તથા પ્રચુર સોના–ચાંદી આદિ સારભૂત દ્રવ્યોનો દેવા યોગ્ય ભાગ દાનમાં દઈ સંયમ અંગીકાર કર્યો છે. હું અધન્ય છું, અપુણ્ય છું, જેના કારણે રાજ્ય, અંતઃપુર અને માનવીય કામભોગોમાં ગૃદ્ધ, આસક્ત તેમ જ મૂર્ચ્છિત છું. હું પ્રભુની પાસે સંયમ સ્વીકારી શકતો નથી.**

૨. કૃષ્ણ વાસુદેવનું ભવિષ્ય શું છે?

**જ. કૃષ્ણ વાસુદેવ કાલાંતરમાં ત્રીજી પૃથ્વીમાંથી નીકળીને આ જ જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં આગામી ઉત્સર્પિણી કાળમાં પુંડ્ર જનપદના શતદ્વાર નામના નગરમાં અમમ નામના બારમા તીર્થંકર થશો. ઘણા વર્ષો સુધી કેવળી પર્યાયનું પાલન કરી સિદ્ધ–બુદ્ધ–મુક્ત થશો.**

૩. પદ્માવતી રાણીએ દીક્ષા લઈને શેનું અધ્યયન કર્યું? આત્માને કેવી રીતે ભાવિત કર્યો?

**જ. પદ્માવતી આર્યાએ દીક્ષા લઈને યક્ષિણી આર્યા સમીપે સામાયિકથી લઈને ૧૧ અંગોનું અધ્યયન કર્યું. સાથે સાથે ઘણા ઉપવાસ, છટ્ઠ, અટ્ઠમ, ચોલા, અર્ધ માસક્ષમણ, માસક્ષમણ આદિ વિવિધ તપો દ્વારા પોતાના આત્માને ભાવિત કર્યો.**

૪. ભગવાનનો ઉપદેશ સાંભળી પદ્માવતી રાણીને શું ઉત્પન્ન થયું? તેમણે ભગવાનને શું કહ્યું?

**જ. ભગવાનનો ઉપદેશ સાંભળી પદ્માવતી રાણીને વૈરાગ્ય ઉત્પન્ન થયો. તેમણે ભગવાનને કહ્યું કે હે ભગવન્! નિર્ગ્રંથ પ્રવચન પર હું શ્રદ્ધા કરું છું. આપ જે કહો છો તે જ યથાર્થ છે, સત્ય છે. હે ભગવાન! હું કૃષ્ણ વાસુદેવની આજ્ઞા લઈ આપ સમીપે મુંડિત થઈ પ્રવ્રજિત થવા ઈચ્છું છું.**

૫. કોણ બોલે છે? કોને કહે છે? : ૧) આ દ્વારિકા નગરીનો વિનાશ ત્રણ કારણોથી થશે.

**જ. ભગવંતે કૃષ્ણ વાસુદેવને કહ્યું.**

૨) હું પ્રભુના સાંનિધ્યે દીક્ષા લેવા ઈચ્છું છું.

**જ. પદ્માવતીએ કૃષ્ણ વાસુદેવને કહ્યું.**

**અથવા**

**પ્ર. ૫ નિરિયાવલિકા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. સોમિલે કેટલા વર્ષ શ્રાવક પર્યાયનું પાલન કરતા પોતાના આત્માને કેવી રીતે ભાવિત કર્યો? કેટલા દિવસ આહારનો ત્યાગ કર્યો?

**જ. સોમિલે ઘણા ઉપવાસ, છટ્ઠ, અટ્ઠમ યાવત્ અર્ધ માસક્ષમણ, માસક્ષમણ આદિ તપથી પોતાના આત્માને ભાવિત કરતા ઘણા વર્ષો સુધી શ્રાવક પર્યાયનું પાલન કર્યું. ૧૫ દિવસ આહારનો ત્યાગ કર્યો.**

૨. સોમિલ કઈ નગરીમાં રહેતા હતા? તે કેવા હતા? તે નગરીમાં કોણ આવ્યું? ભગવાન પાસે શું અંગીકાર કર્યું?

**જ. વારાણસી. તે ધન–ધાન્યથી આદિથી સમૃદ્ધ હતો, તેમ જ ૪ વેદ, ઈતિહાસ, નિઘટું આદિ ષષ્ટાંગવિદ્ હતો. તે ઉપરાંત અનેક શાસ્ત્રોમાં નિપુણ હતો. પાર્શ્વનાથ ભગવાન. શ્રાવકધર્મ.**

૩. આ અધ્યયન દ્વારા શેની મહત્તા બતાવવામાં આવી છે? આપણા માટે શું હિતકર છે?

**જ. સમ્યગ્દર્શન – શ્રદ્ધાની મહત્તા બતાવવામાં આવી છે. સમ્યગ્દર્શન વિનાનું ચારિત્રપાલન સફળ થતું નથી. આપને પણ આ વાત પર વિચાર કરી તેને આત્મસાત્ કરી આપણું જીવન તે પ્રમાણે બનાવવા પ્રયત્ન કરીએ તે જ આપણા માટે એકાંત હિતકર છે.**

૪. સોમિલ વર્તમાને ક્યાં છે? તેમનું ભવિષ્ય શું છે?

**જ. શુક્રાવતંસક વિમાનમાં શુક્ર મહાગ્રહ દેવરૂપે ઉત્પન્ન થયા. ત્યાંનું આયુષ્ય પૂર્ણ થતા તેઓ મહાવિદેહક્ષેત્રમાં મનુષ્યરૂપે જન્મ ધારણ કરી, સંયમ અંગીકાર કરીને સર્વ કર્મોનો નાશ કરી સિદ્ધ થશે.**

૫. તાપસી દિશામાં શું કરવામાં આવે છે?

**જ. દિશાની પ્રમુખતાથી તેના અધિપતિ દેવોની પૂજા ભક્તિ કરવામાં આવે છે. ત્યારબાદ હવન યજ્ઞ કરી ખાદ્ય સામગ્રી પકાવવામાં આવે છે. પછી અતિથિને જમાડીને પોતાનું ભોજન ગ્રહણ કરે છે.**

(૧૫)

**પ્ર.૬ ઉત્તરાધ્યયન સૂત્રના આધારે જવાબ લખો.**

**(અ) નીચેની ગાથાઓ પૂર્ણ કરી ભાવાર્થ લખો.** **(૯)**

૧. દેવે નેરઈએ ...... **પાના નં. ૩૭ ગાથા ૧૪** ૨. અકલેવર ...... **પાના નં. ૪૪ ગાથા ૩૫**

૩. ન હુ જિણે...... **પાના નં. ૪૨ ગાથા ૩૧**

**(બ) નીચેના પ્રશ્નોના જવાબ લખો.** **(૬)**

૧. આ શરીર કેવું થઈ રહ્યું છે?

**જ. જીર્ણ–નિર્બળ, સર્વ બળ અને તમામ શક્તિઓ ક્ષીણ થઈ રહી છે.**

૨. કંથવાના લગાતાર કેટલા ભવ થાય છે?

**જ. સંખ્યાતકાળ.**

૩. શ્રદ્ધા કેમ દુર્લભ છે?

**જ. ઘણા લોકો મિથ્યાત્વનું સેવન કરનારા કે ખોટી માન્યતાઓને સ્વીકારનારા છે**

૪. આત્માથી શું દૂર કરવાનું છે?

**જ. પૂર્વબદ્ધ કર્મરજને.**

૫. શેનું સેવન નથી કરવાનું?

**જ. વમન કરેલા કામભોગ અને સાંસારિક પદાર્થોનું સેવન કરવાનું નથી.**

૬. આપણા શરીરમાં કયા કયા રોગ ઉત્પન્ન થાય છે?

**જ. અળાઈઓ, ગૂમડા, વિસૂચિતા તથા વિવિધ પ્રકારના અન્ય શીઘ્ર ઘાતક રોગ ઉત્પન્ન થાય છે.**

**(૧૦)**

**પ્ર. ૭ ભગવતી સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. મનુષ્યમાં કેટલા સંચય? તેનો અલ્પબહુત્વ લખો.

**જ. ત્રણ. સૌથી થોડા અવક્તવ્ય સંચય, તેથી ક્તસંચય સંખ્યાતગુણા, તેથી અક્તસંચય અસંખ્યાતગુણા.**

૨. પૃથ્વીકાયને સંચય કેટલા? શા માટે?

**જ. એક અક્તસંચય કારણ કે સમયે સમયે અસંખ્યાતા જીવ ઉપજે છે.**

૩. સિદ્ધમાં સાવચય આદિ કેટલા ભાંગા? તેની સ્થિતિ લખો.

**જ. બે. સોવચય અને નિરૂવચય – નિરવચયા. સોવચયની સ્થિતિ જ. ૧ સમય ઉ. ૮ સમય, નિરૂવચય – નિરવચયાની સ્થિતિ જ. ૧ સમય ઉ. ૬ માસની.**

૪. નારકીમાં અવસ્થાન બમણો કેમ લેવાનો?

**જ. ૧૨ મુહૂર્તનો ઉ. વિરહકાળ હોવાથી તેટલે સમય કોઈપણ જીવ ઉત્પન્ન થતા નથી કે મૃત્યુ પણ પામતા નથી. ત્યારે અવસ્થિત હોય છે, ત્યારપછી કેટલાક સમય સુધી જન્મ–મરણ સમાન સંખ્યામાં થાય છે અને ફરી દેશોન ૧૨ મુહૂર્તનો વિરહ થઈ જાય છે માટે.**

૫. વ્યાખ્યા લખો : વર્ધમાન – **જીવોની સંખ્યા વધવી તે.**

સાવચય – **હાનિ સહિત. પહેલા જેટલા જીવો હોય તેમાંથી કેટલાક જીવો મરી જાય.**

અવક્તવ્ય – **જ્યાં એક સમયમાં એક જીવ ઉત્પન્ન થાય છે.**

અક્ત સંચય – **જ્યાં એક સમયમાં અસંખ્યાતા, અનંતા જીવો ઉત્પન્ન થાય છે.**

**(૧૦)**

**પ્ર. ૮ પન્નવણા સૂત્રના આધારે નીચેના પ્રશ્નોના જવાબ લખો.**

૧. સૂક્ષ્મ બાદર દ્વાર લખો.

**જ. સર્વથી સ્થૂળ ઔદારિક શરીરના પુદ્ગલ, તેથી વૈક્રિય શરીરના પુદ્ગલ સૂક્ષ્મ, તેથી આહારક શરીરના પુદ્ગલ સૂક્ષ્મ, તેથી તૈજસ શરીરના પુદ્ગલ સૂક્ષ્મ, તેથી કાર્મણ શરીરના પુદ્ગલ સૂક્ષ્મ.**

૨. ઔદારિક શરીર અને આહારક શરીરનો સંયોજન દ્વાર લખો.

**જ. ઔદારિક શરીરમાં આહારક શરીર અને વૈક્રિય શરીરની ભજના, તૈજસ અને કાર્મણ શરીરની નિયમા. આહારક શરીરમાં વૈક્રિય શરીર ન હોય, ઔદારિક, તૈજસ અને કાર્મણ શરીરની નિયમા.**

૩. દ્રવ્યાર્થક દ્વાર લખો.

**જ. સર્વથી થોડા આહારકના દ્રવ્યાર્થક જ. ૧–૨–૩ ઉ. પૃથક હજાર, તેથી વૈક્રિયના દ્રવ્યાર્થ અસંખ્યાતગુણા, તેથી ઔદારિકના દ્રવ્યાર્થક અસંખ્યાતગુણા, તેથી તૈજસ–કાર્મણ શરીરના દ્રવ્યાર્થ બે પરસ્પર સરખા અને ઔદારિકથી અનંતગુણ અધિક.**

૪. વૈક્રિય શરીર અને ઉત્તર વૈક્રિયની અવગાહના લખો.

**જ. વૈક્રિય શરીરની અવગાહના જ. આંગુલનો અસંખ્યાતમો ભાગ ઉ. ૫૦૦ ધનુષ્ય. વાયુકાય વર્જીને ઉત્તર વૈક્રિય કરે તો જ. આંગુલનો સંખ્યાતમો ભાગ ઉ. ૧ લાખ યોજન ઝાઝેરી. બાદર વાયુકાયના પર્યાપ્તાને જ. આંગુલનો અસંખ્યાતમો ભાગ ઉ. આંગુલનો અસંખ્યાતમો ભાગ.**

૫. જેની ઉ. અવગાહના સર્વ લોકમાં છે તેમાં સંસ્થાન, પ્રયોજન, પુદ્ગલચયન દ્વાર, સ્વામી દ્વાર લખો.

**જ. સંસ્થાન – તૈજસ–કાર્મણ શરીરમાં – ૬, પ્રયોજન – તૈજસ શરીરનું પુદ્ગલને પાચન કરવાનું. કાર્મણ શરીરનું આહાર અને કર્મને આકર્ષવાનું. પુદ્ગલચયન દ્વાર – ૩, ૪, ૫ અને ૬ દિશાનો આહાર લે. સ્વામી દ્વાર – સર્વ સંસારી જીવો ૨૪ દંડકના જીવો.**

**પ્ર. ૯ માર્ગણા સમજણ સહિત લખો. (કોઠો બનાવીને લખો.)**

૧. એકાંત સમ્યગ્ દષ્ટિમાં ૨. તેજોલેશી ઍકેન્દ્રિયમાં ૩. અધોલોક મિશ્ર દષ્ટિમાં
૪. બે યોગવાળા તિર્યંચમાં ૫. એકાંત મિથ્યાત્વી તિર્યંચમાં

| માર્ગણા | ના. | તિ. | મનુ. | દેવ | સમજૂતી | કુલ ભેદ |
|---|---|---|---|---|---|---|
| ૧.એકાંત સમ્યગ્ દષ્ટિમાં | ૦ | ૦ | ૦ | ૧૦ | ૫ અનુત્તર વિમાનના અપર્યાપ્તા અને પર્યાપ્તા | ૧૦ |
| ૨. તેજોલેશી ઍકેન્દ્રિયમાં | ૦ | ૩ | ૦ | ૦ | બાદર પૃથ્વી, અપ્, વનસ્પતિના અપર્યાપ્તા | ૩ |
| ૩. અધોલોક મિશ્ર દષ્ટિમાં | ૭ | ૫ | ૧ | ૧૦ | ૭ નારકીના, ૫ સંજ્ઞી તિર્યંચ પંચે.ના, ૧ સંજ્ઞી મનુ.ના, ૧૦ ભવનપતિના એ ૨૩ પર્યાપ્તા | ૨૩ |
| ૪. બે યોગવાળા તિર્યંચમાં | ૦ | ૮ | ૦ | ૦ | ૩ વિકલેન્દ્રિય અને ૫ અસંજ્ઞી તિર્યંચ પંચે.ના પર્યાપ્તા | ૮ |
| ૫. એકાંત મિથ્યાત્વી તિર્યંચમાં | ૦ | ૩૦ | ૦ | ૦ | ૨૨ ઍકેન્દ્રિય, ૩ વિકલેન્દ્રિય અને ૫ અસંજ્ઞી તિર્યંચ પંચે.ના પર્યાપ્તા | ૩૦ |

**જય જિનેન્દ્ર**